# 15. બોલીએ ના કાંઈ

## સ્વાધ્યાય

### 1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

**1) 'બોલીએ ના કાંઈ' ગીતમાં કવિ શું કરવાનું કહે છે?**

(A) બોલવાની ના પાડે છે

(B) બોલવાનું કહે છે

(C) મૂંગા રહેવાની ના પાડે છે

(D) બોલવું પણ ધીમે ધીમે

**2) 'હૃદય ખોલવું' એટલે શું?**

(A) બીજાની વાત સાંભળવી

(B) ઑપરેશન કરાવવું

(C) કશું જ બોલવું નહીં

(D) પોતાના દિલની વાત બીજાને કહેવી

### 2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:

**1) બીજા લોકો શામાંથી આનંદ મેળવે છે?**

- બીજા લોકો અન્યની વ્યથા જાણવામાંથી આનંદ મેળવે છે.

**2) વહેણના પાણીને કોણ ઝીલે છે?**

- વહેણના પાણીને સાગર ઝીલે છે.

### 3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

**1) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?**

- કવિ જણાવે છે કે આપણી વ્યથા જાણીને દૂર કરવામાં, મદદરૂપ થવામાં કોઈને રસ નથી. આપણી વ્યથા બીજાને મન રસની કથા હોય છે. વ્યથામાંથી બહાર નીકળવાનો માર્ગ આપણે જ શોધવાનો છે. એ માટેનો સાચો માર્ગ એ છે કે આપણે એ વ્યથાને એકલા જ સહન કરવી. એ અંગે કોઈને

ફરિયાદ ન કરવી. હૈયામાં ભલે ગમે તેટલી વ્યથારૂપી અગ્નિ સળગતો હોય, પણ બહારથી શીતળતા રાખવી જોઈએ.

## 4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો:

### 1) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે?

- 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને જીવનબોધ આપતાં કહે છે કે જીવનમાં દુ:ખ કે સંઘર્ષ તો આવવાનાં જ. એમને માણસને એકલા જ સહન કરવાં, કેમ કે સમાજમાં એવા લોકો હોય છે જેમને માણસની વ્યથા જાણવામાં જ રસ હોય છે. આપણી વ્યથા બીજાને મન રસની કથા હોય છે. એટલે એની આગળ વ્યથા કહેવાથી કોઈ અર્થ સરતો નથી. નિર્જન માર્ગ હોય કે સુની સીમ હોય, પણ માણસે તો પોતાનું ગાન ગાતાં ચાલવાનું છે. ગામને પાદર લાખો લોકોનો સમૂહ ભેગો થયો હોય ત્યારે સૌ પોતપોતાની ધૂનમાં હોય છે. તારામઢી અંધારી રાત હોય કે રણ ભયંકર તાપ હોય, અર્થાત ગમે તેવી પરિસ્થિતિ હોય માણસે પોતાની વ્યથા એકલા જ સહન કરવાની હોય છે. હૈયામાં દુ:ખનો ગમે તેટલો અગ્નિ સળગતો હોય પણ બહારથી તો શીતળતા જ રાખવાની છે.

### 2) કાવ્યપંક્તિ સમજાવો – "પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !"

- 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને જીવનબોધ આપતાં કહે છે કે જીવનમાં દુ:ખ કે સંઘર્ષ તો આવવાનાં જ. હૈયામાં ગમે તેટલો દુ:ખનો અગ્નિ સળગતો હોય, પણ બહાર તેનો સહેજ પણ અણસાર આવવા દેવો જોઈએ નહિ. આપણી હૈયાવરાળ બીજા સમજી શકે અને સમજી શકે તો એનો ઉકેલ તે આપી જ શકે એવું નથી. ઘણી વખત આપણી વ્યથા બીજાને મન રસની કથા હોય છે. તેથી મગજને સહેજ પણ ઉગ્ર થવા દીધા વગર આપણે આપણું કાર્ય કરતા રહેવું . આપણે વાણી અને વર્તનમાં હંમેશ શીતળતા જ પ્રગટ કરવી.